## ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨/ક્વા-૦૧/૨૦૨૪-૨૫ / 97 તા. 22/5/24

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
શ્રીમતી ક્રિષ્ના મનોજકુમાર શર્મા
બાલાજી પાર્ક-૧,પ્લોટ નં. ૭૮,
દિગ્જામ વુલન મિલની પાછળ,જામનગર
જી. :જામનગર, પીનકોડ : ૩૬૧૦૦૬ મોબાઈલ : ૯૩૭૬૬૨૨૧૨૮

**વિષય :** મારા રહેણાક ના હેતુના વીજમીટરમાં સોલરના યુનિટ એક્સપોર્ટ ન થવા અને નુકશાન થવા બાબત.

**સંદર્ભે :** શ્રીમતી ક્રિષ્ના મનોજકુમાર શર્મા ની રજુઆત મળ્યા તારીખ: 30.03.૨૦૨૩

(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૨/ક્વા-૦૧/૨૦૨૪-૨૫)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જામનગર શહેર-૧

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, સાતરસ્તા

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ


સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

website : forumjunagadh.pgvcl@gebmail.com



CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨/ક્વા-૦૧/૨૪-૨૫/ ૧૭ તા. ૭૨/૫/૨૫

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૨/ક્વા-૦૧/૨૪-૨૫**

અરજદાર: શ્રીમતી ક્રિષ્ના મનોજકુમાર શર્મા, ગામ – જામનગર

સબડીવીઝન: સાતરસ્તા, જામનગર

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, જામનગર શહેર-૧,

### :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | : શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : શ્રી વી.જી.મારકણા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: ૨૦-૦૪-૨૦૨૪ (શનિવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૦૪-૨૦૨૪ (શનિવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

### :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, ગ્રાહક નંબર – ૮૫૬૦૨/૦૫૧૦૨/૩ થી મારૂ વીજ મીટર છે, જેમાં મે સોલર સિસ્ટમ લગાવેલ છે.મારૂ માહે ફેબ્રુઆરી ૨૦૨૪ નું વીજ બિલ બન્યું, ત્યારે પીજીવીસીએલ ના મીટર રીડરે મને મૌખિક જણાવેલ કે " તમારા સોલર ના યુનિટ એક્સપોર્ટ થતાં નથી, તમે સબ ડિવિઝન ઓફિસનો સંપર્ક કરો, જેથી મે તુરન્તજ સાત રસ્તા સબ ડિવિઝન, જામનગરનો રૂબરૂ સંપર્ક કરતાં, એક અધિકારી મારા ઘરે આવીને ચકાસણી કરી ગયેલ અને મને મીટર બદલવાનું કહેતા મે જરૂરી ફી ભરીને મીટર બદલાવેલ અને મને આપેલ તારીખે લેબોરેટરી માં મીટરની ચકાસણી વખતે હાજર રહેલ (જે ચકાસણી રિપોર્ટની નકલ આ સાથે સામેલ છે) મારા છેલ્લા ચાર બિલની વિગત નીચે મુજબ છે.

(એ) મીટર બદલ્યા પહેલા:

| બિલનો માસ | ઇમ્પોર્ટ યુનિટ | એક્સપોર્ટ યુનિટ | નોંધ |
|---|---|---|---|
| ડિસેમ્બર ૨૦૨૩ | ૩૫૪ | ૪૨૧ | જનરેશન ૪૮૯ યુનિટ |
| જાન્યુઆરી ૨૦૨૪ | ૪૭૮ | ૫૭૪ | જનરેશન ૬૩૧ યુનિટ |
| ફેબ્રુઆરી ૨૦૨૪ | ૭૫૪ | ૦૮૯ | જનરેશન ૫૩૭ યુનિટ |

(બી) મીટર બદલ્યા પછી:

| બિલનો માસ | ઇમ્પોર્ટ યુનિટ | એક્સપોર્ટ યુનિટ | નોંધ |
|---|---|---|---|
| માર્ચ ૨૦૨૪ | ૩૧૬ | ૪૭૩ | જનરેશન ૬૮૧ યુનિટ |

ઉપરોક્ત વિગતો ઉપરથી સ્પષ્ટ થાય છે કે માહે ફેબ્રુઆરી ૨૦૨૪ માં મારા સોલર યુનિટ તો બન્યા છે પરંતુ પીજીવીસીએલ ના વીજ મીટરની તાંત્રિક ખામીને કારણે મને મારા બિલ માં એક્સપોર્ટ યુનિટ તરીકે બાદ મળ્યા નથી.

મને અત્રેની સ્થાનિક કચેરી સાત રસ્તા સબ ડિવિઝન, જામનગર દ્વારા એમ કહેવામાં આવે છે કે મીટરનો લેબ રિપોર્ટ ઓકે છે માટે તમને માહે ફેબ્રુઆરી ૨૦૨૪ ના જે યુનિટ ઓછા એક્સપોર્ટ થયા છે તેનો લાભ મળશે નહીં.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ગ્રાહકશ્રીની વિજ બીલ બાબતની રજુઆત અન્વયે સંબધિત સાત રસ્તા પેટા વિભાગીય કચેરી પાસેથી મેળવેલ વિગત અને માહિતી નીચે મુજબ છે.

અરજદાર/ગ્રાહકનું નામ/ગામ : શ્રીમતી ક્રિષ્નાબેન મનોજકુમાર શર્મા, જામનગર

ગ્રા.નં. - ૮૫૬૦૨/૦૫૧૦૨/3,

કેટેગરી – RGPU,

કોન્ટ્રાક્ટ લોડ - ૬.૫ કિ.વો.

કનેકશન તા. 30.૧૧.૨૦૦૫

તા.૧૪/૦૨/૨૦૨૪ ના માહે ફેબ્રુ-૨૦૨૪ ના બીલીંગ સમયે ઇમ્પોર્ટ યુનિટ વપશશ ૧૪૮૪૧-૧૪૦૮૭ = ૦૭૫૪ અને એક્સપોર્ટ યુનિટ વપરાશ ૧૩૭૦૬-૧૩૬૧૭=૮૯ આવેલ તેમજ તેમના જનરેશન યુનિટ ૧૬૩૦૪-૧૫૭૬૭=૫૩૭ આવેલ હતા. આમ કુલ ૬૬૫ યુનિટ રીડીંગનું વપરાશ મુજબનું ગ્રાહક શ્રીને રૂ.૬૨૧૬.૬૧/- નું બીલ આપવામાં આવેલ. તા.૨૨.૦૨.૨૦૨૪ ના રોજ પ્રફોર્મા-૧૫ નં-૦૭૫૨૫ થી જૂના મીટર નં.૦૨૧૮૫૩-નવા મીટર નં ૦૩૬૬૮૦ થી મીટર બદલાવેલ હતું.જેમાં સ્થળ પર કુલ ૧૩.૧૮૬ કી.વો.જોડાયેલ હતો.

3.૧ તા.૦૧.03.૨૦૨૪ ના જૂના મીટરનું લેબ ચકાસણી અહેવાલ નં ૧૦૮૯૫ થી લેબ રોજકામ કરવામાં આવેલ જેમાં જૂના મીટરના છેલ્લા રીડીંગ (I) ૧૫૦૮૦, (E) ૧૩૭૦૬ જણાયેલ અને મીટર ok નો રીપોર્ટ આવેલ હતો. વિવાદિત મીટરને ટેસ્ટ બેન્ચ પર ચડાવીને એક્યુરેસી ટેસ્ટ લેતા પરીણામ (I) + 0.0૭%, (E) 0.૧3% આવેલ જે પરમીસીબલ લિમિટમાં છે. સદર મીટરનો MRI લેવામાં આવેલ છે. આમ ઉપરોક્ત વિવાદિત મીટરના લેબરોજકામ, એક્યુરેસી ટેસ્ટ રીપોર્ટ તેમજ MRI રીપોર્ટ તથા જોડાયેલ લોડ ધ્યાનમાં લેતા ગ્રાહકશ્રી ને આપવામાં આવેલ બીલ યોગ્ય હોય વિજ બીલ મા બાદ આપવાનું થતુ નથી.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ ની રજુઆત મુજબ તા.૧૪/૦૨/૨૦૨૪ ના માહે ફેબ્રુ-૨૦૨૪ ના બીલીંગ સમયે ઇમ્પોર્ટ યુનિટ વપશશ ૧૪૮૪૧-૧૪૦૮૭ = ૦૭૫૪ અને એક્સપોર્ટ યુનિટ વપરાશ ૧૩૭૦૬-૧૩૬૧૭=૮૯ આવેલ તેમજ તેમના જનરેશન યુનિટ ૧૬૩૦૪-૧૫૭૬૭=૫૩૭ આવેલ હતા. આમ કુલ ૬૬૫ યુનિટ રીડીંગનું વપરાશ મુજબનું ગ્રાહકશ્રી ને રૂ.૬૨૧૬.૬૧/- નું બીલ આપવામાં આવેલ છે. તા.૨૨.૦૨.૨૦૨૪ ના રોજ પ્રફોર્મા-૧૫ નં-૦૭૫૨૫ થી જૂના મીટર નં.૦૨૧૮૫૩-નવા મીટર નં ૦૩૬૬૮૦ થી મીટર બદલાવેલ હતું. જેમાં સ્થળ પર કુલ ૧૩.૧૮૬ કી.વો. જોડાયેલ હતો. તા.૦૧.૦૩.૨૦૨૪ ના જૂના મીટરનું લેબ ચકાસણી અહેવાલ નં ૧૦૮૯૫ થી લેબ રોજકામ કરવામાં આવેલ જેમાં જૂના મીટરના છેલ્લા રીડીંગ (I) ૧૫૦૮૦, (E) ૧૩૭૦૬ જણાયેલ અને મીટર ok નો રીપોર્ટ આવેલ છે. વિવાદિત મીટરને ટેસ્ટ બેન્ચ પર ચડાવીને એક્યુરેસી ટેસ્ટ લેતા પરીણામ (I) + 0.0૭%, (E) 0.૧3% આવેલ જે પરમીસીબલ લિમિટમાં છે. તથા સદર મીટરનો MRI પણ લેવામાં આવેલ છે.

૪.૨ આમ ઉપરોક્ત વિવાદિત મીટરના લેબરોજકામ, એક્યુરેસી ટેસ્ટ રીપોર્ટ તેમજ MRI રીપોર્ટ તથા જોડાયેલ લોડ ધ્યાનમાં લેતા ગ્રાહકશ્રી ને આપવામાં આવેલ બીલ યોગ્ય માલૂમ પડે છે. અને તે અરજદાર શ્રી ને ભરવા પાત્ર છે.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી વી.જી.મારકણા | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જીલ્લા સેવા સદન-3, ત્રીજો માળ,બ્લોક નં. ૧, સરકારી પ્રેસ રોડ, ફોન નં.-૦૨૮૧-૨૯૯૪૧૨૫, રાજકોટ-3૬0001